# ગાંધીનગર આસપાસ શ્રીકાર વર્ષા






(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## મોડીરાત્રે મેઘરાજાએ બધડાટી બોલાવી : પોણા બે ઈંચ પાણી ટપક્યું : સીઝનનો સરેરાશ ૬ ઈંચ વરસાદ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં બુધવારે મોડી સાંજે વાતાવરણમાં આવેલા પલ્ટા બાદ ફરી એકવાર મેઘરાજા મહેરબાન થયા છે. સાર્વત્રિક મેઘમહેરથી ચોમેર પાણી પાણી સાથે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી છે. છેલ્લા ૨૪ કલાકમાં બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. મેઘરાજા મૂડમાં આવતા અષાઢી નઝારો નિખર્યો છે. રીમઝીમ વરસાદથી આકાશમાં કાચુ સોનુ વરસતા ખેડૂતોના માથેથી પણ ચિંતાના વાદળો હટી જતા હર્ષની લાગણી વ્યાપી છે. આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. સીઝનનો સરેરાશ વરસાદ ૬ ઈંચ નોંધાયો છે.

ચોમાસાની શરૂઆત મોડી થતા પ્રારંભિક તબક્કે ખેડૂતો સહીત સૌ કોઈમાં ચિંતાના વાદળો ઘેરાયા હતા. મોંઘેરા મેઘરાજાને રીઝવવા પૂજા-અર્ચના સહીત પર્જન્ય યજ્ઞનું આયોજન કરી વરૂણદેવની કૃપાદષ્ટી મેળવવા પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા. પરંતુ બે સપ્તાહ પૂર્વે હળવા-ભારે ઝાપટા સાથે રીમઝીમ વરસતા વરસાદથી ખેડૂતો સહીત નગરજનોમાં સાનુકૂળ ચોમાસાની આશા જન્માવી હતી. જો કે થોડા દિવસોના વિરામ બાદ ગઈકાલે મોડી સાંજે આકાશમાં પહોંચેલા જળ ભરેલા વાદળો વરસતા વરસાદી વાયરો ફુંકાયો હતો. ગઈકાલે મોડીરાત્રે ૪૨ મી.મી. વરસાદ પડ્યો હતો. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૫૨ મી.મી. વરસાદ નોંધાયો છે. શહેરમાં પ્રથમ રાઉન્ડમાં ૯૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે અત્યાર સુધીમાં સીઝનનો કુલ વરસાદ ૧૪૪ મી.મી. થયો છે. આજે દિવસ દરમિયાન વાતાવરણમાં સવારે અને સાંજે ભેજનું પ્રમાણ ૧૦૦ ટકા નોંધાયું હતુ. જ્યારે મહત્તમ તાપમાન ૨૬ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૫ ડીગ્રી રહ્યું હતું. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે માત્ર ૦.૫ ડીગ્રીનો તફાવત રહ્યો હતો. આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદ પડવાની સંભાવના પણ હવામાન વિભાગે વ્યક્ત કરી છે.


જયારે તમે કડવાશને સંઘરો છો, ત્યારે સુખ બીજે ક્યાંક સહારો લઇ લેતું હોય છે

- રાજચંદ્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૩૫ ૨૫ જુલાઇ, ૨૦૧૪, શુક્રવાર; અષાઢ વદ - ૧૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# મેયરના પક્ષાંતર કેસ સક્ષમ અધિકારીને રિમાન્ડ કરાયો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા તથા તેમના બે સાથીઓએ કરેલા પક્ષાંતરને લઈ કોંગ્રેસ પક્ષે વડી અદાલતમાં માંગેલી દાદ અંતર્ગત આજે વડી અદાલતે સક્ષમ અધિકારીએ આ રજુઆતોમાં અગાઉ કરેલા નિર્ણયમાં પુનઃ વિચારણા કરી છ સપ્તાહમાં યોગ્ય નિર્ણય લેવો તેવો ચુકાદો આપ્યો છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલાં મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા અને તેમના બે સાથીઓએ કોંગ્રેસ સાથે છેડો ફાડી ભાજપમાં પ્રવેશ કર્યો હતો. આ મુદ્દે કોંગ્રેસ દ્વારા પક્ષાંતર ધારા અન્વયે કાર્યવાહી કરવા માટે લાંબા સમયથી કાનૂની લડાઈ હાથ ધરી છે.

સક્ષમ અધિકારીશ્રીએ કોંગ્રેસ પક્ષની અરજી પ્રિ. મેચ્યોર હોવાનું ઠરાવી અને તેનો નિકાલ કર્યો હતો. જેની સામે કોંગ્રેસે આ મુદ્દે રાજ્યની વડી અદાલતમાં દાદ માંગી હતી.

આજે વડી અદાલતે આ કેસમાં મેયર અને તેમના બે સાથીઓએ કરેલા પક્ષાંતરને લઈ ૬ સપ્તાહમાં અગાઉના નિર્ણયમાં પુનઃ વિચારણા કરી અને યોગ્ય ન્યાય આપવા સક્ષમ અધિકારીને જણાવ્યું છે.

હવે પુનઃ મેયર અને તેમના બે સાથીઓના પક્ષાંતર અંગેની અરજી સક્ષમ અધિકારી સમક્ષ રજુ થશે.

ગાંધીનગર કોર્પોરેશનમાં મેયરના પક્ષાંતરને લઈ જુદી જુદી નવ જેટલી અરજીઓ કરી કોંગ્રેસ પક્ષ દ્વારા કાનૂની જંગ છેડવામાં આવ્યોછે. જે પૈકી છ જેટલી અરજીઓ હવે પુનઃ સક્ષમ અધિકારી સમક્ષ ચાલશે.

આ કેસમાં કોંગ્રેસ પક્ષ વતી શ્રી માંગુકિયાએ દલીલો કરી હતી.

## NEWS બિટ્સ

### ભારતીયો રોજના સવા ત્રણ કલાક સ્માર્ટ ફોન સર્ફિંગમાં ગાળે છે

વિશ્વભરમાં સ્માર્ટ ફોન ધારકો પૈકી સૌથી વધુ ડેટા વપરાશકર્તાઓ ભારતમાં છે. જે રોજના સરેરાશ ત્રણ કલાકનો સમય સ્માર્ટ ફોન પાછળ ખર્ચ કરે છે. તાજેતરમાં કરવામાં આવેલા એક સર્વેમાં જાણવા મળ્યું છે કે સ્માર્ટ ફોનનો વપરાશ કરતા ૪૦ ટકા લોકો પથારીમાં ઉંઘતી વખતે વીડીયો જુએ છે, ૨૫ ટકા લોકો મુસાફરી દરમિયાન, ૨૩ ટકા રાત્રે ભોજન સમયે અને ૨૦ ટકા લોકો શોપીંગ કરતા હોય ત્યારે વીડીયો જુએ છે.

### સોનાની દાણચોરીમાં દસ ગણો વધારો

સોનાની આયાત જકાતમાં ઘટાડા તથા આયાત નિયંત્રણો હળવા કરવાની હાલમાં સરકારની કોઈ ઈચ્છા નથી તેવા સંકેતો નાણાં પ્રધાને આપી દીધા છે. સોના પરના આયાત નિયંત્રણો તથા ધરખમ ઉંચી આયાત જકાતને કારણે ગેરકાયદે કારોબારનો મોટો પડકાર છે. સરકારી આંકડા એવું સુચવે છે કે ઉંચી આયાત જકાતને કારણે દાણચોરીમાં વધારો થયો છે. સોનાની દાણચોરી ૧૦ ગણી વધી ગઈ છે.

### પાસપોર્ટનું 'સ્ટેટસ' હવે એસએમએસથી મળશે

પાસપોર્ટના અરજદારોને હવે તે વિશેની અપડેટ માહિતી એસએમએસથી મળશે. પાસપોર્ટ માટે અરજી કરતા લોકોને તેના સ્ટેટસની કોઈ માહિતી મળતી ન હોવાની હકીકતને ધ્યાને રાખીને આ સુવિધા શરુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સાથો સાથ પાસપોર્ટ ઓફિસ અને પોલીસનો ભ્રષ્ટાચાર રોકવાનો આશય પણ રાખવામાં આવ્યો છે.

### ગુગલ મેપ હવે હિન્દીમાં

ગુગલ મેપ હવે હિન્દીમાં પણ જોવા મળશે. ભાષાંતર તકનીક બાદ હવે ગુગલ મેપ ભારતીય ભાષાઓમાં પણ જગ્યા બનાવી રહ્યું છે. તે અંતર્ગત ગુગલે જયપુરમાં રાષ્ટ્રીય કક્ષાએ હિન્દીમાં ગુગલ મેપને લોન્ચ કર્યુ છે.





પાણી, પાણી - પાટનગરમાં છેલ્લા ચોવીસ કલાકમાં બાવન મી.મી. વરસાદ પડતા નીચાણવાળા ભાગોમાં પાણી ભરાયા હતા. પાટનગરમાં પાણી ભરાય એટલે સમાચાર બને... છેલ્લા પાંચેક વર્ષથી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા અસરકારક રીતે ગોઠવાઈ છે પરંતુ હજુ કેટલાક વિસ્તારોમાં નજીવો વરસાદ થાય તો પણ ગામડાની ઝલક આવી જાય છે અને પાણી-પાણી થઈ જાય છે... (તસવીર : દિપક જાની)

## પાટનગરમાં જર્જરિત ૧૨૦૦ મકાન ઉતારી લેવાશે : નિતીન પટેલ

### માર્ગ-મકાન વિભાગ દ્વારા નવા મકાનો બનાવાશે : માર્ગ-મકાન વિભાગની માંગણીઓ ગૃહે મંજૂર કરી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં જર્જરિત બનેલ ૧૨૦૦ જેટલા મકાનો ઉતારી અને તેને માર્ગ-મકાન વિભાગ નવેસરથી બનાવશે તેવી જાહેરાત આજે રાજ્યના માર્ગ-મકાન વિભાગના મંત્રીશ્રી નીતિન પટેલે રાજ્ય વિધાનસભાગૃહમાં કરી હતી.

મંત્રીશ્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે ગાંધીનગર શહેરના વિકાસ માટે સરકાર દ્વારા જરૂરી રકમ ફાળવવામાં આવી રહી છે.

આજે માર્ગ-મકાન વિભાગની માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે મહાત્મા મંદિર અને સ્વર્ણિમ પાર્ક માટે રૂ. ૨૯૦ કરોડ જેટલી રકમ ફાળવવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતુ કે મહાત્મા મંદિરના નિર્માણ થકી ગાંધીનગર શહેર એક આગવી ઓળખ પ્રસ્થાપિત કરશે તેમાં કોઈ બે મત નથી. તેમણે જણાવ્યું હતું કે સુઆયોજિત વિકાસના ધ્યેય સાથે પાટનગર ગાંધીનગરનો પણ તબક્કાવાર વિકાસ કરવામાં આવી રહ્યો છે.

દરમ્યાન ગાંધીનગર શહેરમાં જર્જરિત બનેલ મકાનો ઉતારી લેવા માટે વિભાગો ખાસ અભિયાન ચલાવ્યું હતું અને શહેરમાંથી આવા ૧૯૦૦ જેટલા મકાનો અલગ તારવવામાં આવ્યા હતા.

વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી


● અનુસંધાન પાન-૭ પર


# મિલ્કતવેરાની વસુલાત સઘન બનાવાશે

## ચોમાસાની ઋતુમાં ૧૦૦ કર્મચારીઓની રોજમદાર તરીકે કમિશનર ભરતી કરી શકશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકે શહેરમાં મિલ્કતવેરાની વસુલાત સઘન બનાવવા માટે કમિશનરશ્રીને જણાવ્યું છે.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં ચોમાસાની ઋતુને ધ્યાને રાખી કમિશનરશ્રીને ૧૦૦ જેટલા કર્મચારીઓને રોજમદાર તરીકે ભરતી કરવા માટેની પણ ખાસ સત્તા આપી છે.

આ કર્મચારીઓ સફાઈની કામગીરીમાં તંત્રને પૂરક બનશે તેમજ તેનો પગાર લઘુત્તમ વેતન ધારાની જોગવાઈ મુજબ કોર્પોરેશન કરશે.

આજે મળેલ બેઠકમાં આરોગ્ય વિભાગની વહીવટીય મંજૂરીઓ પણ આપવામાં આવી હતી. સફાઈની ચાલી રહેલી ઝુંબેશની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેરમાં 'ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટમાં વધુ ૮ જેટલા સેક્ટરોને આવરી લેવામાં આવતાં હવે કુલ ૧૩ સેક્ટરોમાં આ યોજના અમલી બની છે. આ માસના અંત સુધીમાં તમામ સેક્ટરોને આવરી લેવાનું આયોજન છે.

ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટ અંતર્ગત ચાલી રહેલી કામગીરી અંગે સંતોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમીક્ષા દરમ્યાન જ વધારાના કર્મચારીઓની તાત્કાલિક જરૂરિયાત ઉભી થાય તો ચોમાસાની સિઝન પુરતા ૧૦૦ કર્મચારીઓની ભરતી માટેની સત્તા કમિશનરને આપવામાં આવી હતી.

આજની બેઠકમાં મિલ્કતવેરાની વસુલાત સઘન બનાવવા પર પણ ભાર મુકવામાં આવ્યો હતો. કોર્પોરેશને ૧૦ ટકા રિબેટની યોજના અમલી બનાવ્યા બાદ વસુલાતની કામગીરીમાં જે ઉદાસીનતા આવી છે તેને લઈ પદાધિકારીઓએ નારાજગી વ્યક્ત કરી હતી.

# બુટાલ હત્યા કેસના આરોપીને પાંચ દિવસના રિમાન્ડ

## બુટાલ ગામની બે વર્ષ જૂની મર્ડર મિસ્ટ્રી હેરડાઈ થી ઉકેલાઈ : તેલ માલીસ કરતા વાળંદથી સુપરવાઈઝરની ગરદન થોડી મરડાઈ ગઈ હતી : મુખ્ય સૂત્રધારની ધરપકડ : ગુનામાં મદદગારી કરનાર અન્ય ચાર શકમંદોની પુછતાછ શરૂ



(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

ધનસુરા, તા.૨૪

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકા સ્થિત બુટાલ ગામની બે વર્ષ જૂની ચકચારી મર્ડર મિસ્ટ્રીનો ભેદ ગાંધીનગર સીઆઈડી ક્રાઈમે ઉકેલી નાંખ્યો છે. ડેડ બોડી પરથી જે તે સમયે મળી આવેલી હેરડાઈના આધારે સમગ્ર હત્યા પ્રકરણના રહસ્ય પરથી પડદો ઉંચકાયો છે. મુખ્ય સૂત્રધાર વાળંદની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસે અન્ય ચાર શકમંદોની પણ પુછપરછ શરુ કરી છે.

આ ઘટનાની વિગત એવી છે કે ધનસુરા શહેરમાં બે વર્ષ અગાઉ પરેશભાઈ વિરમભાઈ વાળંદ હેરકટીંગની દુકાન ચલાવતો હતો. વાળંદની દુકાને આ દરમિયાન એક સાઈટ સુપરવાઈઝર આવ્યો હતો અને તેલ માલીશ કરવાનું કહેતા તેલ માલીશ કરાવવા ગયેલા સુપરવાઈઝરની ગરદન થોડી વધુ મરડાઈ જતા સુપરવાઈઝરનું મોત થઈ ગયું હતું અને ગભરાઈ ગયેલા વાળંદે મોઢે હેરડાઈ ચોપડી મૃતદેહ ગટરમાં નાખી દીધો હતો.

વાળંદ યુવકની માલિશ કરતો હતો. અચાનક જ માલીશ કરતા વાળંદથી સુપરવાઈઝરની ગરદન થોડી મરડાઈ ગઈ હતી અને બેભાન થઈ યુવક નીચે પડી ગયો હતો. આથી ગભરાયેલ વાળંદ યુવકને દુકાનમાં જ બંધ કરી જતો રહ્યો હતો. થોડીવાર પછી દુકાને આવી વાળંદે યુવકને જોતા યુવકનું મોત થઈ ગયું હતું. પરિણામે વાળંદ દુકાન ફરી બંધ કરી ચાલ્યો ગયો હતો અને સમગ્ર ઘટના અંગે પરિવારના કેટલાક સભ્યોને જાણ કરી હતી.


● અનુસંધાન પાન-૭ પર



CCTV

બેંક, સ્કૂલ, કોલેજ, જવેલર્સ, રેસીડેન્સ, ઓફીસ, શો-રૂમ વગેરે જગ્યાએ CCTV કેમેરા લગાડો



IP Camera, IR Speed Dome Camera, IP Dome Box type Camera, Power Supply, DVR etc.

CCTV કેમેરા લગાડવા માટે સંપર્ક કરો.

APEX ELECTRONICS

E-236, GIDC, Sector-26, Gandhinagar. Ph. 79-23287800

Mo. 7600044511, 9974003830, 98250 42439

Email : apexelectronics@yahoo.com